હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તમારે, સુલભ - શૌચાલય વાળાને સારું,... ઓન લાઈન વાળા કદી તમારો ધંધામાં ભાગ ન પડાવી જાય...

ગાંધીનગર મુક્તિધામમાં આ વર્ષે ૯૯૦ મૃતકના અંતિમસંસ્કાર

ગાંધીનગર તા.૧૫

ગાંધીનગર શહેરના મુક્તિધામની એક આગવી ઓળખ પ્રસ્થાપિત થઈ છે. રમણીય અને બાગબગીચાને લીધે મુક્તિધામ નહીં રહીને એક જોવા લાયક સ્થળ તરીકે ઉપસી રહ્યું છે. ત્યારે શહેરના આધુનિક મુક્તિધામમાં ચાલુ વર્ષે ૯૯૦ મૃતકોના અંતિમ સંસ્કાર થયા છે. જેમા પરંપરાગત રીતે લાકડામાં ૭૫૯ અને ગેસની ભઠ્ઠીમાં ૨૩૧ મૃતકોના અંતિમસંસ્કાર પરિવારજનો દ્વારા કરવામાં આવ્યા છે. જયારે ૧૫૧ મૃત નાના બાળકોની દફનવિધિની ક્રીયા અંતિમધામ ખાતે કરવામાં આવી છે.

ગાંધીનગરની સેવાકીય સંસ્થા જુ.સી.કા દ્વારા મુક્તિધામનું સંચાલન કરવામાં આવે છે. જુસીકા દ્વારા પરંપરાગત રીતે લાકડામાં અંતિમક્રિયા માટે માત્ર એક રુપીયો ટોકન દર લેવામાં આવે છે. જ્યારે ગેસની ભઠ્ઠીમાં અંતિમક્રિયા માટે ૧૦૧ ટોકન દર લેવામાં આવે છે. શહેરનું મુક્તિધામ ગાર્ડન તેમજ ભગવાન તેમજ સંતાની પ્રતિમાઓના કારણે આકર્ષણું કેન્દ્ર બન્યું છે.

ગાંધીનગરના મુક્તિધામને પ્રથમ પસંદગી આપે છે. સાબરમતિના તટે આવેલા આ ધામમાં શહેરના આસપાસના જિલ્લામાંથી પણ ગાંધીનગર જીલ્લાના ગામડામાંથી મોટી સંખ્યામાં ગ્રામજનો પોતાના સ્વજનના અંતિમ સંસ્કાર માટે પોતાના સ્વજનની અંત્યેષ્ઠી માટે પરિજનો આવે છે. ગાંધીનગર શહેર મુક્તિધામમાં જુસીકા દ્વારા બિનવારસી મૃતદેહના પણ અંતિમ સંસ્કાર સંસ્થાના સભ્યો તેમજ પોલીસની હાજરીમાં કરવામાં આવે છે. ત્યારે ચાલુ વર્ષે એપ્રીલ માસથી અત્યાર સુધીમાં કુલ ૯૯૦ મૃતદેહોના અંતિમસંસ્કાર થયા છે. જેમા જુની પરંપરાગત રીતે લાકડામાં ૭૫૯ તેમજ ગેસની ભઠ્ઠીમાં ૨૩૧ મૃતકોના અંતિમસંસ્કાર થયા છે. જયારે ૧૫૧ નાના બાળકોની દફનવિધિ અંતિમધામ ખાતે પરિવારજનો દ્વારા કરવામાં આવી છે. શહેરનું મુક્તિધામ રમણીય વાતાવરણને પગલે નગરજનોમાં જોવા લાયક સ્થળ તરીકે ઉપસી રહ્યું છે.

ખૂણે ખાંચરેથી...

● દેનાબેંકના ચીફ વિજીલન્સ કમિશનરશ્રી આજે ગાંધીનગરની મુલાકાતે હતા.

● તાજેતરમાં એર-ઈન્ડિયાના પ્રવાસીઓના સામાનનો કાર્ગો ભૂલથી મુંબઈ જતો રહેતાં મુસાફરોને સામાન આપવા એર-ઈન્ડિયાને ટેમ્પો મુસાફરોના ઘરે મોકલવો પડ્યો હતો.

● ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી રાઠોડની તબિયત બગડતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

● રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના સભ્યશ્રી વિજયકુમાર આજે ગાંધીનગર આવ્યા હતા. તેમણે તંત્ર સાથે સમીક્ષા બેઠક કરી હતી.

● છત્તીસગઢની પંચાયતી રાજ અંતર્ગત ગ્રામ વિકાસ સંસ્થાનું એક પ્રતિનિધિ મંડળ જિલ્લાની મુલાકાતે હતુ. આ પ્રતિનિધિ મંડળે રાંધેજા, વાવોલ અને સુઘડની મુલાકાત લીધી હતી.

● જિલ્લામાં આજે લગ્નસરાની સિઝન તેની ચરમસીમા પર હતી.

● શિયાળાના વસાણાના ભાવ ગત વર્ષની તુલનામાં ઊંચા હોવાથી તેની ઘરાકી ઓછી જોવા મળી રહી છે.

ચિંતન મીટીંગના સ્થળમાં ફેરફાર

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજય સીડસ પ્રોડયુસર્સ એસોસીએશન દ્વારા આગામી તા. ૨૨મી ડિસેમ્બરના રોજ બપોરે ૨.૦૦ થી ૫.૩૦ કલાક દરમિયાન જંગલી જાનવરના નિયંત્રણ અભિયાન અંગે ચિંતન મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મીટીગના સ્થળમાં અનિવાર્ય કારણોસર ફેરફાર કરવામાં આવ્યો છે. હવે આ મીટીંગ તા. ૨૨મી ડિસેમ્બરના રોજ બપોરે ૨ કલાકે સે-૨૮, પ્લોટ નં. ૫૦૬/૧/૧, જીઆઈડીસી એન્જીનીયરીંગ કોમ્પ્લેક્ષ કોમ્યુનિટી હોલ ખાતે યોજાશે.

આજે સે-૧૩ના લિમ્બચ માતાજીનો ૧૫મો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

સેકટર-૧૩ સ્થિત લિમ્બચ માતાજીનો ૧૫મો પાટોત્સવ તા ૧૬મી ડિસેમ્બરને બુધવારના રોજ સવારે ૯ કલાકે ઉજવાશે. જેમાં સવારે ૯ કલાકે ધ્વજા રોહણ, સવારે ૯.૩૦ કલાકે નવચંડી યજ્ઞ, બપોરે ૨ કલાકે ગાંધીનગરમાં વસતા સમાજના પરિવારોની પુસ્તિકાનું વિમોચન, સાંજે ૪ કલાકે મહાઆરતી યોજાશે.

આજે નવી દિલ્હીમાં ગિફ્ટસિટીનું મહત્વપૂર્ણ પ્રેઝન્ટેશન પ્રસ્તુત થશે

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આવતીકાલ બુધવાર તા. ૧૬ ડિસેમ્બર બપોરે નવી દિલ્હીમાં કોન્ફરડરેશન ઓફ ઈન્ડીયા-ક્રેડાઈ દ્વારા યોજાઈ રહેલી ક્રેડાઈ કોન્કલેવ-૨૦૧૫માં ઉપસ્થિત રહેશે.

શ્રીમતી આનંદીબહેન પટેલ આ કોન્કલેવમાં ગુજરાતમાં 'સસ્ટેઈનીંગ હાઈ સ્ટેટ ગ્રોથ થ્રુ રીયલ એસ્ટેટ-ગુજરાત એક્સપીરીયસન્સ' તહેત હાર્દરૂપ વક્તવ્ય આપવાના છે.

(તસવીર : દિપક જાની)

અમૃત પર્વે અભિવાદન : શહેરના વડીલોનું સન્માન શહેર પેન્શનર્સ સમાજ દ્વારા ભાવપૂર્વક કરાયું. પેન્શનર્સ સમાજના સભ્યો કે જેઓ પંચોત્તેરમાં વર્ષમાં પ્રવેશ કરે છે તેમનું સન્માન પ્રતિવર્ષ ઉલ્લાસપૂર્વક કરાય છે. કડી કેપ્શના હોલમાં યોજાયેલ સમારોહમાં પેન્શનર્સ સમાજના ૧૬૮ વડીલોનું શાલ ઓઢાડી સન્માનપત્ર આપી અભિવાદન કરાયું હતું. પંચોત્તેરમું વર્ષ જીવનમાં ખૂબ જ મહત્ત્વનું હોય છે. જીવનની પાકટતા પંચોત્તેરમાં વર્ષમાં અનુભવાય છે. વૃદ્ધત્વનો આ ઉત્તમ સમયગાળો અનુભવની વહેંચણી માટે સમાજ માટે હંમેશા ઉપકારક બની રહે છે. ગાંધીનગર શહેર સદ્‌ભાગી છે કે અમૃત પર્વ ઉજવતા સેંકડો વડીલો નગરના પારિવારીક જીવનથી લઈ શહેરના સામાજિક જીવનમાં માર્ગદર્શન આપે છે અને એટલે જ કહેવાય છે કે વડીલો સમાજની મૂડી છે. ગાંધીનગરમાં પ્રતિવર્ષ સમાજની મૂડીનું સન્માન થાય છે. એ સંવેદનશીલ સમાજની ઓળખ છે.

મનપા સફાઈ કામદારોની ભરતી માટે સહાનુભૂતિથી વિચારણા કરે : રાજ્ય સફાઈ કામદાર આયોગ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર-પાલિકામાં આઉટસોર્સિંગથી સફાઈની કામગીરી કરાવવા બાબતે આજે રાષ્ટ્રીય સફાઈ કામદાર આયોગે નારાજગી વ્યક્ત કરી સફાઈ કામદારોની ભરતી માટે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવાની તાકીદ કરી છે.

રાષ્ટ્રીય સફાઈ કામદાર આયોગના શ્રી વિજયકુમારે આજે જિલ્લાની નગરપાલિકાઓ, મહાનગરપાલિકા તેમજ જિલ્લા તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં તેમણે સફાઈ કામદારો માટેના પ્રશ્નોના ઉકેલ બાબતે સહાનુભૂતિથી આગળ વધવા માટેનો આગ્રહ કર્યો હતો.

સફાઈ કામદારો માટે આવાસની સુવિધા ઉપલબ્ધ બને અને તેમની અલાયદી કોલોની બને તેના પર તેમણે વિશેષ ભાર મુકી સરકારને ખાસ દરખાસ્ત કરવાનો આગ્રહ કર્યો હોવાનું જાણવા મળેલ છે. કમિશને સફાઈ કામદારો માટે આરોગ્ય કેમ્પ તેમજ તે કેમ્પમાં તેમના પરિવારના સભ્યોને પણ આવરી લેવા માટે જણાવ્યું હતુ.

સમીક્ષા બેઠક દરમ્યાન સફાઈ કામદારોને માસ્ક, કેપ, ગરમ કપડાં, છત્રી જેવી સગવડો પણ આપવી જોઈએ તેમ જણાવ્યું હતું. આ બેઠકમાં સફાઈ કામદારના મૃત્યુને લઈ રહેમરાહે તેમના પરિવારના સભ્યને નોકરી મળે તે બાબતે પણ સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવે તેવો આગ્રહ કમિશને રાખ્યો હતો. સફાઈ કામદારના કામગીરીના કલાકો નિયત કરવા, પગાર, પ્રમોશન સહિતના મુદ્દાઓ અંગે આ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી.

● અનુસંધાન પાના - ૭ પર

...હું પી.એચ.ડી. નહીં કરી શકુ તેથી આપઘાત કરું છું

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટર-૪માં રહેતા અને નિરમા યુનિવર્સિટીમાં પી.એચ.ડી. કરતા ૨૫ વર્ષીય યુવાને ગઈ રાત્રે પોતાના ઘરે પંખે લટકીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. મૃતક પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી છે. જેમાં તેણે લખ્યું છે કે હું પી.એચ.ડી. નહીં કરી શકું તેથી આપઘાત કરું છું. સેકટર-૭ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને સ્યુસાઈડ નોટ કબ્જે લઈ તપાસ શરુ કરી છે.

નિરમા યુનિ.માં પી.એચ.ડી. કરતાં સેકટર-૪ના યુવાને પંખે લટકી ગળે ફાંસો ખાઈ લીધો

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૪ એ ખાતે રહેતો ૨૫ વર્ષીય યુવાન પાર્થ પંકજભાઈ રાજપુત નિરમા યુનિવર્સિટી ખાતે પીએચડી કરતો હતો. ગઈ રાત્રે પાર્થના માતા પિતા લગ્ન પ્રસંગે હાજરી આપીને પરત ફર્યા ત્યારે ઘરે આવીને જોયું તો તેમનો દિકરો પાર્થ પંખે લટકી ગયો હતો. માતા પિતાને જાણે પગ તળેથી જમીન સરકી ગઈ હતી. પોલીસને ઘટનાની જાણ થતા જમાદાર અમરસિંહ બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પીએમ માટે મોકલી તપાસ શરુ કરતાં એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે હું પીએચડી નહીં કરી શકું તેથી આપઘાત કરું છું. મારા માતા પિતાનો કોઈ વાંક નથી. પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે લઈ અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને કાર્યવાહી શરુ કરી છે.

બાલવા ગામ તરફ જવાનો માર્ગ ત્રણ વર્ષમાં જ તુટી ગયો

ગાંધીનગર, તા. ૧૫

બાલવા ચોકડીથી ગામ તરફ જવાનો માર્ગ ત્રણ વર્ષમાં જ તુટી જતા આસપાસના ગ્રામજનો પરેશાન થઈ ગયા છે. જિલ્લા પંચાયત હસ્તકના આ માર્ગનુ વર્ષ ૨૦૧૨ દરમિયાન નવીનીકરણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક ગ્રામજનો દ્વારા ત્વરિત આ માર્ગની સુધારણાનું કામ હાથ ધરવા રજૂઆત કરવામાં આવી છે.

બાલવા ચોકડીથી બાલવા ગામ તરફ જવાનો માર્ગ છેલ્લા એક વર્ષથી તુટેલી હાલતમાં છે. બાલવા ગામમાં દેનાબેંક, સ્ટેટબેંક, માધ્યમિક શાળા અને ટેલીફોન એક્સચેન્જ સવંર્ગની કચેરીઓ અસ્તિત્વ ધરાવે છે. જયારે આસપાસના વિસ્તારમાં, આમજા, ચાંદીસણા, નારડી, રામપુરા, પ્રતાપપુરા ઈટલા સહીતના ગ્રામજનોની પણ બાલવા ગામમાં વિશેષ અવર-જવર રહે છે. આ અંગે બાલવાના જાગૃત નાગરિક સુરેશ ત્રિવેદીએ રજૂઆતમાં જણાવ્યા મુજબ જિલ્લા પંચાયત હસ્તકના આ માર્ગનું વર્ષ ૨૦૧૨માં નવીનીકરણ કરવામાં આવ્યું હતું. પરંતુ ત્રણ વર્ષના ટુંકા સમયગાળામાં જ રસ્તો તુટી ગયો છે. તુટેલા ઉબડ-ખાબડ માર્ગપર અકસ્માત થવાની દહેશત પ્રબળ બની છે. સ્થાનિક ગ્રામજનોએ આ માર્ગનું ત્વરિત રીસરફેસીંગ કરવા ઉગ્ર માંગ કરી છે.

ગાંધીનગર-સરખેજ હાઈ-વે પર ટ્રાફિક જામની સમસ્યા મુશ્કેલી રૂપ બની

વાહનોની સતત અવર-જવર અને દિવસ રાત ધમધમતો ગાંધીનગર-સરખેજ હાઈ-વે હાલ વાહનચાલકો માટે ભારે મુશીબત સમાન બની ગયો છે. લગ્નસરાની મોસમમાં હાઈવે પરના મોટા પાર્ટી પ્લોટો અને ક્લબોના લીધે હાઈવે સતત વ્યસ્ત બની ગયો છે. કલાકો સુધી લાંબી લાંબી વાહનોની લાઈન જોતા ભારે ટ્રાફિક જામના દૃશ્યો જોવા મળે છે.

વાહનચાલકોએ કલાકો સુધી વાહનો લઈ માર્ગો પર બેસી રહેવાનો વારો આવે છે

ગાંધીનગર અને અમદાવાદ શહેરને જોડતા ગાંધીનગર-સરખેજ હાઈવે છેલ્લા ઘણા સમયથી વ્યસ્ત અને વાહનોથી ધમધમી રહ્યો છે. ગાંધીનગરથી અમદાવાદ તરફ જતા તમામ લોકો અમદાવાદની ટ્રાફિક જામની પરિસ્થિતિથી બચવા ગાંધીનગર-સરખેજ હાઈવેનો ઉપયોગ કરી રહ્યા છે. પરિણામે આ હાઈ-વે ખુબજ વ્યસ્ત બની ગયો છે. બીજી તરફ ગાંધીનગર-સરખેજ હાઈવે પર નાની મોટી અસંખ્ય હોટલ રેસ્ટોરન અને પાર્ટી પ્લોટ સહિત ક્લબો આવેલી છે. આ ઉપરાંત અનેક મોટી શૈક્ષણિક સંસ્થાઓ અને કંપનીઓ આવેલી છે. દરરોજ વાહનોની અવર-જવર રહેતા આ માર્ગ પર વારંવાર ટ્રાફિક જામની સમસ્યાને લીધે આ માર્ગ પર ચાર જેટલા નવા ઓવર અને અંડરબ્રીજ પણ ઉભા કરવામાં આવ્યા છે. છતાં પણ સતત આ હાઈવે પર વાહનોની સંખ્યા વધી રહી છે. છેલ્લા ૧૦ દિવસથી આ હાઈવે પર હજજારોની સંખ્યામાં દોડતા વાહનોને પગલે ટ્રાફિકજામના દૃશ્યો સર્જાઈ રહ્યા છે. મુખ્યત્વે કોબા ઓવર બ્રિજ, ઈસ્કોન સર્કલ, વૈષ્ણોદેવી સર્કલ વગેરે જગ્યાએ વાહનચાલકોએ કલાકો સુધી વાહનો લઈ માર્ગો પર ઉભો રહેવાનો વારો આવે છે. આથી વાહન ચાલકો ભારે ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ગાંધીનગર-અમદાવાદ વચ્ચે લોકો સરળતાથી આવી જઈ શકે અને ટ્રાફિકજામની સમસ્યાને નીવારવા આ હાઈવેનું નિર્માણ કરવામાં આવ્યું હતું, આ માર્ગ સતત વાહનોથી ધમધમતો રહેતા વાહનચાલકો પરેશાન થઈ ગયા છે. ત્યારે ગાંધીનગર અમદાવાદ શહેરને જોડતા આ હાઈવે પર તંત્ર જરૂરી કાર્યવાહી કરી વધતી ટ્રાફિકજામની સમસ્યાનો હલ લાવે તેવી તાતી જરૂરિયાત ઉભી થવા પામી છે.

સરદાર સાહેબની પૂણ્યતિથીએ ગુજરાતની અનોખી ભાવાંજલિ

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૬૬મી પૂણ્યતિથીએ ગુજરાતના સૌ નાગરિકો વતી અનોખી ભાવાંજલિ આપતાં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ફાઉન્ડેશન રાફટના

કોન્ક્રીટીંગ કાર્યનો કેવડીયા ખાતે પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્ય મંત્રીશ્રીએ નર્મદા બંધના નીચવાસમાં ૩.૧ કિ.મી. દૂર સાધુબેટ-ટેકરી ઉપર નિર્માણ પામનારી વિશ્વની આ વિરાટત્તમ પ્રતિમા અને સરદાર સરોવર બંધ એ લોહપુરૂષના સપના સાકાર કરી ગુજરાતને હરિત ક્રાંતિ અને વિપુલ જળથી નવપલ્લવિત કરનારા બનશે તેવો દ્રઢ વિશ્વાસ દર્શાવ્યો હતો.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, નર્મદા બંધનો પાયો ૧૯૬૦માં નંખાયા બાદ ૨૦૦૬માં બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી પૂર્ણ થયેલી. કેન્દ્રની તત્કાલિન યુ.પી.એ. સરકારે ગુજરાતની આ બહુહેતુક યોજના આડે અંતરાયો નાખ્યા અને ખોરંભે પાડી દીધી હતી.

પરંતુ ૨૦૧૪માં ભાજપાએ સત્તાના સુત્રો કેન્દ્રમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સંભાળતાના ૧૭ જ દિવસમાં બંધના દરવાજા મુકવાની અને ૧૩૮.૬૮ પૂર્ણ કક્ષાએ ઊંચાઈ લઈ જવાની પરવાનગી આપી અને આ યોજનામાં નવી ગતિ-નવો વેગ આપ્યો છે. શ્રીમતી આનંદીબહેને સરદાર સાહેબની આ સ્વપ્ન સરિતા હવે ગુજરાતના ગામેગામ અને છેક કચ્છ સરહદ સુધી સિંચાઈ અને પીવાના પાણી પહોંચાડતી અપૂર્વ યોજના બની છે તેનો હર્ષ વ્યકત કર્યો હતો.

સરદાર સરોવર બંધ નિર્માણ સ્થળે આકાર પામનારી સરદાર પટેલની વિશ્વની સૌથી વિરાટતમ ૧૮૨ મીટર ઊંચી પ્રતિમાના ફાઉન્ડેશન રાફટના કોન્ક્રીટીંગનો મુખ્ય મંત્રીશ્રીના હસ્તે પ્રારંભ

નર્મદાના પાણી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં સિંચાઈ-પેયજળના વિપુલ ઉપલબ્ધિ કરાવશે અને ગુજરાતની સર્વગ્રાહી વિકાસ કાયાપલટ થશે તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

તેમણે વિશ્વાસ દર્શાવ્યો કે, બંધની ઊંચાઈ વધારવાના કામમાં પરિણામે આદિજાતિ ક્ષેત્રમાં રોજગાર નિર્માણ, સ્થાનિક અર્થોપાજન અને વિકાસની નવી દિશા મળશે તેમ આ અવસરે જણાવ્યું હતું.

મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, સરદાર પ્રતિમાના નિર્માણમાં ૫૬૦૦ મેટ્રીક ટન સ્ટ્રકચરલ સ્ટીલ, ૬૬,૦૦૦ મે.ટન સિમેન્ટનો ઉપયોગ કરીને આ પ્રતિમા નિર્માણ થવાની છે. શ્રીમતી આનંદીબહેને સરદાર સરોવર બંધ સાઈટની પ્રત્યક્ષ મુલાકાત લઈને દરવાજા મુકવાની ચાલી રહેલી કામગીરીની પ્રગતિ નિહાળી તકનીકી જાણકારી મેળવી હતી.

તેમણે પ્રારંભમાં સરદાર સાહેબની તસ્વીરને સૂતરની આંટી પહેરાવી ભાવાંજલિ અર્પણ કરી હતી. જિલ્લા પ્રશાસનને વન સંજીવની ગતિશીલતા જોતાં ૩૦ બ્રીજ સ્થાન પૈકી ૨૨નું કામ પૂર્ણ થઈ ગયું છે. ૨૯ પિઅર્સનું કામ પણ પુરૂં થઈ ગયું છે અને ૧૨ દરવાજાનું કામ પ્રગતિમાં છે તેની પરિપાટીએ આ કામ તેની સમયાવધિ કરતાં વહેલું ડિસેમ્બર-૨૦૧૬ સુધીમાં પુરૂં થઈ જવાનું છે.

મુખ્ય મંત્રીશ્રીએ સરદાર સાહેબની વિરાટત્તમ પ્રતિમા અને સમગ્ર પરિસર પર્યટકો-પ્રવાસન પ્રેમીઓના આકર્ષણ અને ઈજનેરી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે અભ્યાસનું કેન્દ્ર બનશે તેની ભૂમિકા આપતાં આના એમ્બ્યુલન્સની સહાયનો ચેક તેમણે અર્પણ કર્યો હતો.

સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ શ્રી એસ. એસ. રાઠોરે તથા સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના સભ્ય સચિવ-અગ્ર સચિવ શ્રી કે. શ્રીનિવાસે સમગ્ર પ્રવાસમાં સાથે રહી મુખ્ય મંત્રીશ્રીને

તકનીકી જાણકારી અને રાફટ ફાઉન્ડેશનના આધુનિક ઢબે થનારા કોન્ક્રીટીંગની માહિતી આપી હતી.

ધારાસભ્ય શ્રી મોતીલાલ વસાવા, શબ્દશરણ તડવી અને પદાધિકારીઓ તથા નર્મદા નિગમના વરિષ્ઠ ઈજનેરો-ઈજનેરી વિદ્યાશાખાની કોલેજના છાત્રો આ અવસરના સાક્ષી બન્યા હતા.